# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-01-2025** **MIDDAY: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

1) નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિન પરાક્રમ દિવસની ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત માટે એક થવા હાકલ કરી.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સુરતમાં જણાવ્યું હતું કે આયુષ્માનકાર્ડના માધ્યમથી ગરીબ-મધ્યમવર્ગના પરિવારોને આરોગ્યની ઉમદા સહાય મળી રહી છે.

3) દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા આક્રમક ચૂંટણી પ્રચાર.

4) રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના કર્તવ્યપથ પર પ્રજાસત્તાક દિવસની પરેડનું ફુલ ડ્રેસ રિહર્સલ યોજાયું.

**5)** મલેશિયામાં રમાઇ રહેલી અન્ડર-19ની મહિલા ટી-20 વિશ્વકપમાં ભારતે શ્રીલંકાને 60 રને હરાવ્યું.

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-SUBHAS CHANDRA BOSE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું હતુંકે નેતાજીએ જે રીતે આઝાદી માટે ફોજ તૈયાર કરી હતી તેવી જ રીતે આજે આપણે વિકસિત ભારત માટે એક થવાની જરૂર છે.

***(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)***

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને અન્ય નેતાઓએ પણ  નેતાજી સુભાષચંદ્ર બોઝે શ્રદ્ધાંજલિ આપી હતા. આ પ્રસંગે ઉપસ્થિત  શાળાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પૂછ્યું કે 2047 સુધીમાં રાષ્ટ્રનું લક્ષ્ય શું છે, જેનો એક વિદ્યાર્થીએ આત્મવિશ્વાસ સાથે જવાબ આપ્યો કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવું.

શ્રી મોદીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી એક હજાર  200 થી વધુ ઇલેક્ટ્રિક બસો દિલ્હીમાં દોડી છે અને વધુ શરૂ કરવામાં આવશે. તેમણે વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી સૂર્યગઢ યોજના વિશે સમજાવ્યું કે આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે આ યોજના એક સાધન છે. તેમણે કહ્યું કે આ યોજનાના ભાગ રૂપે, ઘરની છત પર સૌર પેનલ લગાવવામાં આવ્યા છે, જે સૌર ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરશે, જેનાથી વીજળીના બિલ ચૂકવવાની જરૂરીયાત પડશે નહીં

તેમણે વધુમાં ઉમેર્યું કે ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ ઈ-વાહનોને ચાર્જ કરવા માટે થઈ શકે છે, જેનાથી અશ્મિભૂત ઇંધણ પરનો ખર્ચ ઓછો થશે અને પ્રદૂષણ ઓછું થશે. શ્રી મોદીએ વિદ્યાર્થીઓને વધુમાં જણાવ્યું કે, વ્યક્તિગત ઉપયોગ પછી ઘરે ઉત્પન્ન થતી કોઈપણ વધારાની વીજળી સરકારને વેચી શકાય છે, જે તેને તમારી પાસેથી ખરીદશે અને નાણાકીય વળતર આપશે. તેમણે ઉમેર્યું કે આનો અર્થ એ છે કે તમે ઘરે વીજળી ઉત્પન્ન કરી શકો છો અને તેને વેચી શકો છો.

. . . . . . . . . . . . . . .

# REV. AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સુરત ખાતે કેન્સર હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે જણાવ્યુ હતું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી દ્વારા આયુષ્માન કાર્ડના માધ્યમથી ગરીબ-મધ્યમવર્ગના પરિવારોને આરોગ્યની ઉમદા સહાય મળી રહી છે. વૃદ્ધો અને ગરીબો માટે આરોગ્ય સેવા સુલભ બની છે. ૧૨ કરોડ પરિવારોના ૬૦ કરોડ લોકોને આરોગ્ય કવચ પુરૂ પાડયું છે.છેલ્લા આઠ વર્ષમાં ૩૧૭ કરોડ દર્દીઓએ PMJAY યોજનાનો લાભ લીધો હોવાનું જણાવ્યું હતું. ગૃહમંત્રીએ ઉમેર્યું કે, દેશભરમાં ૭૧ કરોડ આભાકાર્ડ બનાવવામાં આવ્યા છે.

**(બાઈટ : અમિત શાહ)**

સુરત ખાતેથી પરત અમદાવાદ આવીને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદ ખાતેથી અંદાજિત ૬૫૧ કરોડના કુલ ૩૭ પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાવ્યું હતું. અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૯૫ કરોડના ૧૦ પ્રજાલક્ષી કામોનું લોકાર્પણ તથા ૫૫૬ કરોડના ૨૭ પ્રજાલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ મંત્રીના હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું.

આ અગાઉ સવારે તેમણે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના આજના એક દિવસના ગુજરાતના પ્રવાસના આરંભે ગુજરાતના અમદાવાદમાં હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા યોજાયેલા હિન્દુ આધ્યાત્મિક સેવા મેળાનો પ્રારંભ કરાવ્યો. હતો

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELHI POLLS CAMPAGAIN

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના અગ્રણી નેતાઓ રોડ શો, ડોર-ટુ-ડોર પ્રચાર અને જાહેર સભાઓ કરીને મતદારોને તેમના ઉમેદવારોની તરફેણમાં આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે કિરારી વિસ્તારમાં એક જાહેર સભા યોજી હતી અને રાષ્ટ્રીય રાજધાનીમાં રસ્તાઓની કથિત ખરાબ સ્થિતિ અને સ્વચ્છતાના મુદ્દા માટે શાસક આમ આદમી પાર્ટી પર પ્રહારો કર્યા હતા. મુખ્યમંત્રીએ યમુના નદીની સ્વચ્છતાના અભાવ માટે AAP પર પણ પ્રહારો કર્યા. તેમણે AAP કન્વીનર અરવિંદ કેજરીવાલ પર તેમના માર્ગદર્શક અણ્ણા હજારે સાથે દગો કરવાનો પણ આરોપ લગાવ્યો હતો,,

ભાજપ પ્રમુખ જે પી નડ્ડા પણ શહેરના વિવિધ ભાગોમાં પાર્ટી ઉમેદવારોના પક્ષમાં રેલીઓને સંબોધિત કરવાના છે. ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામીએ પણ પાલમ વિસ્તારમાં રોડ શો કર્યો હતો.

આ દરમિયાન, આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ પણ શહેરમાં ત્રણ રેલીઓને સંબોધિત કરશે. AAPના વરિષ્ઠ નેતા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ પણ પાલમ વિસ્તારમાં રોડ શો કર્યો હતો. શ્રી માનએ દાવો કર્યો હતો કે તેમનો પક્ષ કામના રાજકારણમાં માને છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિધાનસભા ચૂંટણીમાં AAP ફરીથી ચૂંટણી જીતશે. પાર્ટીના વરિષ્ઠ નેતા પવન ખેરા, દિલ્હી કોંગ્રેસ પ્રમુખ દેવેન્દ્ર યાદવ અને અન્ય અગ્રણી નેતાઓએ આજે દિલ્હી ચૂંટણી માટે પાર્ટીનું થીમ સોંગ લોન્ચ કર્યું. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, શ્રી ખેરાએ શહેરમાં કથિત દારૂ કૌભાંડ માટે આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# EVE. ECI-CONFERENCE

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓને સાયબર સુરક્ષા જોખમો અને ખોટી માહિતી જેવા પડકારોનો સામનો કરવા માટે વ્યૂહરચનાઓ સુવ્યવસ્થિત કરવા વિનંતી કરી હતી. તેમણે નવી દિલ્હીમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજિત બે દિવસીય પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધન કરતી વખતે આ વાત કહી હતી.

શ્રી કુમારે કાર્યક્ષમતા, પારદર્શિતા અને મતદારોનો વિશ્વાસ વધારવામાં ટેકનોલોજી અને ડિજિટલ નવીનતાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ ભાર મૂક્યો. તેમણે ઉમેર્યું કે ટેકનોલોજી નોંધપાત્ર તકો પ્રદાન કરે છે, પરંતુ તે સાયબર સુરક્ષા જોખમો અને ખોટી માહિતી જેવા પડકારો પણ લાવે છે. ચૂંટણી પ્રક્રિયાઓમાં વિશ્વાસ ઓછો કરતી નકલી વાતો સામે સાવધાન રહેવા પણ તેમણે કહ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# FS-CHINA VISIT

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી રવિવારથી ચીનના બે દિવસના પ્રવાસે જશે. અહીં તેઓ દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લેશે. આ ભારત અને ચીન વચ્ચે વિદેશ સચિવ-ઉપમંત્રી તંત્રની બેઠક હશે. એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ દ્વિપક્ષીય મંત્રણા બંને દેશો વચ્ચે થયેલી ઉચ્ચસ્તરીય મંત્રણાઓના ભાગરૂપે યોજાઇ રહી છે.. આ બેઠકમાં રાજકીય, આર્થિક અને લોકો-થી-લોકોના સંપર્ક જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા કરાશે.

. . . . . . . . . . . . . . .

# INDIAN ARMY-REPUBLIC

ભારતીય સેના 76 માં પ્રજાસત્તાક દિને કર્તવ્ય પથ પર યોજાનારી પરેડ માટે સજ્જ છે. ત્યારે આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતાં, મેજર જનરલ સુમિત મહેતાએ જણાવ્યું હતું કે, ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ એક માઉન્ટેડ કોલમ, આઠ મિકેનાઇઝ્ડ કોલમ અને છ માર્ચિંગ કન્ટિંજન્ટ દ્વારા કરવામાં આવશે. તેમણે કહ્યું કે, આ વખતે યુદ્ધક્ષેત્રની દેખરેખ પ્રણાલી અને DRDO દ્વારા પ્રલય શસ્ત્ર પ્રણાલીનું ચિત્રણ પરેડનું મુખ્ય આકર્ષણ રહેશે.

પરેડ દરમિયાન, ભીષ્મ T90 ટેન્ક, નાગ મિસાઇલ સિસ્ટમ, બજરંગ લાઇટ સ્પેશિયાલિસ્ટ વાહન, નંદીઘોષ ક્વિક રિએક્શન ફોર્સ વાહન, બ્રહ્મોસ, અગ્નિબાન, પિનાક, આકાશ શસ્ત્ર પ્રણાલી દેશની લશ્કરી શક્તિનું પ્રદર્શન કરશે. આ ઉપરાંત, સશસ્ત્ર દળો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને NCC માર્ચિંગ ટુકડી પણ પરેડમાં ભાગ લેશે. પરેડ 26 જાન્યુઆરીના રોજ સવારે 10:30 વાગ્યે શરૂ થશે અને 90 મિનિટ સુધી ચાલુ રહેશે.

આ વર્ષે ઇન્ડોનેશિયન ટુકડી અને બેન્ડ દેશના મુખ્ય અતિથિ તરીકે આ વર્ષના પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેશે. આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા, ઇન્ડોનેશિયન આર્મીના બ્રિગેડિયર ક્રિસ્ટોમી સિયાન્ટુરીએ જણાવ્યું હતું કે, પરેડમાં 352 ઇન્ડોનેશિયન આર્મી સૈનિકો ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, પરેડ દરમિયાન વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલયોના કુલ 26 ટેબ્લો દેશની વિવિધતા અને સંસ્કૃતિને રજૂ કરશે. આ ટેબ્લો 'સ્વર્ણિમ ભારત: વિરાસત અને વિકાસ' ની થીમ પર આધારિત રહેશે.

. . . . . . . . . . . . . . .

# EVE. REPUBLIC DAY-FULL DRESS

આજે રાષ્ટ્રીય રાજધાનીમાં કર્તવ્ય પથ પર પ્રજાસત્તાક દિવસની પરેડનું ફુલ ડ્રેસ રિહર્સલ યોજાયું હતું. આ દરમિયાન, T90 ટેન્ક, નાગ મિસાઇલ સિસ્ટમ અને પિનાકા રોકેટ સિસ્ટમે દેશની લશ્કરી શક્તિનું પ્રદર્શન કર્યું. આ ઉપરાંત, સશસ્ત્ર દળોના વિવિધ માર્ચિંગ ટુકડી અને વિવિધ રાજ્યોના ટેબ્લોએ શક્તિ અને સાંસ્કૃતિક  ઝલક રજૂ કરી હતી. ભારતીય વાયુસેના ના વિવિધ ફાઇટર જેટ્સ અને વિમાનોએ પણ કર્તવ્ય પથ પર એક આકર્ષક હવાઈ પ્રદર્શન રજૂ કર્યું.

. . . . . . . . . . . . . . . .

# VAISHNAW-SMARTPHONE

ભારત સ્માર્ટફોન નિકાસમાં વિશ્વમાં બીજા ક્રમ ધરાવનાર દેશ બન્યો છે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે , પ્રોડક્ટ લિંક્ડ ઇન્સેન્ટિવ યોજનાએ વૈશ્વિક સ્પર્ધાત્મકતા, કૌશલ્ય અને રોજગાર સર્જનને વેગ આપ્યો છે. તેમણે ઉમેર્યું કે આ ક્ષેત્ર વિશ્વની શ્રેષ્ઠ કંપનીઓ સાથે સ્પર્ધા કરવા માટે તૈયાર છે.

. . . . . . . . . . . . . . . .

# WOMEN CRICKET

મલેશિયાના કુઆલાલુમ્પુરમાં ચાલી રહેલી અન્ડર-19 મહિલા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભારતે શ્રીલંકાને 60 રને હરાવ્યું હતું. શ્રીલંકાએ ટોસ જીતીને ભારતની મહિલા ટીમને બેટીંગ સોંપી હતી. ભારતે 20 ઓવરમાં નવ વિકેટે 118 રન કર્યા હતા જેમાં ગોંગાડી ત્રીશાએ સૌથી વધુ 49 રન કર્યા હતા જેના જવાબમાં શ્રીલંકાની ટીમ 20 ઓવરમાં નવ વિકેટે 58 રન જ કરી શકી હતી.

. . . . . . . . . . . . . . . .

# DIGITAL - ECONOMY

ડિજિટલ અર્થતંત્ર 2030ના વર્ષ સુધીમાં દેશના GDPમાં વીસ ટકા યોગદાન આપશે. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય દ્વારા ગઈકાલે જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૨-૨૩માં રાષ્ટ્રીય આવકમાં ડિજિટલ અર્થતંત્રનું યોગદાન 11.૭૪ ટકા હતું, જે ઝડપથી વધી રહ્યું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત એ વિકાસશીલ દેશ હશે જેને ડિજિટલ અર્થતંત્રનો સૌથી વધુ ફાયદો થશે.

. . . . . . . . . . . . . . . .